सत्यमेव जयते

**ધનસુરાનાં મહેરબાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ,મુ.ધનસુરા.**

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૩૧/૦૧/ ૨૦૨૩ | | |
| દાખલ તારીખ | ૩૧/૦૧/ ૨૦૨૩ | | |
| ફેસલ તારીખ | ૨૮/૦૪/૨૦૨૬ | | |
| | વર્ષ | મહીના | દીવસ |
| | | | |

**ફોજદારી કેસ નંબર– ૨૮૩/૨૦૨૩**
**આંક:–**

**FORM-B**

| | |
|---|---|
| Date of Offence | 05-06-2022 |
| Date of FIR | 06-06-2022 |
| Date of Charge Sheet | 31-01-2023 |
| Date of Framing of Charge | 31-01-2023 |
| Date of Commencement of Evidence | 24-02-2023 |
| Date of which Judgment is reserved | 24-03-2026 |
| Date of Judgment | 03-04-2026 |
| Date of the Sentencing order, if any | Nil. |

**Accused Details**

| Rank of Accused | Name of Accused | Date of Arrest | Date of release | Offenc e | Wheth er | Sent ence | Period of detention |
|---|---|---|---|---|---|---|---|

| | | | on bail | Charged with | Acquitted or Convicted | imposed | undergone during trial for purpose of Section 428, Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | નરેશભાઇ કેશાભાઇ ખાંટ | ૦૭–૦૬–૨૨ | ૦૭–૦૬–૨૨ | IPC 341, 323, 504 506(2), 114 AND G.P 135 | IPC 341, 323, 504 506(2), 114 AND G.P 135 | - | |
| 2 | ભાવેશભાઇ લાલાભાઇ પરમાર | ૦૭–૦૬–૨૨ | ૦૭–૦૬–૨૨ | | | | |
| 3 | વિશાલભાઇ જીતુભાઇ પરમાર | ૦૭–૦૬–૨૨ | ૦૭–૦૬–૨૨ | | | | |

**ફરીયાદ પક્ષે:– વિ.એપીપીશ્રી.ડી.ડી.પટેલ.**
**બચાવપક્ષે :– વિ.વ.શ્રી.આઇ.આઇ.મનસુરી.**

## –:: ચુકાદો ::–

(૧) **<u>હકીકત</u> :–** આ કામે ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં. ૧ નાનો વરઘોડામાં ખુલ્લી તલવાર સાથે રાસ રમતો હોય જેથી સાહેદ ઉમગસિંહ નાએ આરોપીને ખુલ્લી તલવાર સાથે રાસ રમવાની ના કહેતા જે બાબતની અદાવત રાખી આ કામના આરોપી ઓએ સાહેદ તથા ફરીયાદી શ્રી ને રસ્તામાં રોકી સાહેદ તથા ફરીયાદી શ્રી ને માઢબેન સામી નઠારી ગાળો બોલી સાહેદ નિરવકુમાર તથા ઉમંગસિંહને શરીરે ગડદા પાટુનો માર મારી તથા આ.નં. ૧ નાએ તેના હાથમાંની લાકડી વડે સાહેદ નિરવકુમારને પીઠના ભાગે ઇજા પહોચાડી તથા આ. નં. ૨ નાએ સાહેદ નિરવકુમારને પોતાના હાથમાંના પથ્થર વડે શરીરે ઈજાઓ પહોંચાડી તમામ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાન થી મારી નાખવાની

ધમકીઓ આપીલ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરીલ જીલ્લા મેજીઈ સાઈ ના ચાલુ જાહેરનામાનો ભંગ કરી તપાસ દરમ્યાન પાછાળથી પકડાઈ જઈ ગુન્હો કરેલ , આ બાબતની ફરીયાદ ધનસુરા પોલીસે ગુના રજી. નં.૧૧૧ ૮૮૦૦૪૨૨૦૨૭૨/૨૦૨૨થી આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સહિતાની કલમ-૩૪૧ ,૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એટક કલમ-૧૩૫ મુજબ નો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રી એ તપાસ કરી, તપાસના અંગે જરૂરી પુરાવો એકત્રિત કરી, આરોપી વિરૂદ્ધ ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ-૧૭૩(૨)મુજબ ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવતાં હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) **<u>આરોપીઓ હાજર થયે કાર્યવાહી</u> :-**

ઉપરોકત ગુન્હાના કામે આરોપીઓ વિરૂદ્ધનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ થતાં તે આધારે આરોપીઓને સમન્સ કાઢવામાં આવેલ, જે સમન્સ આરોપીીઓને બજી જતા આરોપીઓ આ અદાલત સમક્ષ હાજર થતા તેને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપી અને સી.આર.પી.સી. કલમ- ૨૪૦ મુજબ આંક-૦૮ થી તહોમતનામું ફરમાવી, આરોપીઓનું પ્રાથમિક નિવેદન આંક- ૦૯ થી ૧૧ સુધી લેવામાં આવતાં આરોપીઓએ ગુન્હા અંગેનો ઈન્કાર કરેલ છે. જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૨ મુજબ ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલછે.

**-: <u>મૌખિક પુરાવો</u> :-**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | જાલમસિંહ રાણસિંહ મકવાણા- ફરીયાદી | ૧૦ |

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૨. | અલ્પેશભાઈ રઈજીભાઈ ખાંટ–પંચ | ૨૧ |
| ૩. | પારસકુમાર રાજુભાઈ ખાંટ–પંચ | ૨૩ |
| ૪. | નટવરસિંહ અનુપસિંહ ચૌહાણ –પંચ | ૨૫ |
| ૫. | અજમેલસિંહ પુજસિંહ મકવાણા–પંચ | ૨૬ |
| ૬. | ઉમંગસિંહ જામલસિંહ મકવાણા– સાહેદ | ૧૪ |
| ૭. | નીરવસીંહ મહોબતસીંહ ચૌહાણ – સાહેદ | ૧૫ |
| ૮. | હિતેન્દ્રસિંહ મહોબતસિંહ ચૌહાણ –સાહેદ | ૨૭ |
| ૯. | જયેન્દ્રસિંહ રાજુસિંહ મકવાણા–સાહેદ | ૨૯ |
| ૧૦. | ડો.કૃતિ જગદીશભાઈ પટેલ–ડોકટર સાહેદ | ૩૩ |
| ૧૧. | સંજયકુમાર મણીલાલ બ.નં.૧૪૭–ત.ક.અ. | ૩૬ |
| ૧૨. | રાજદીપસિંહ જીતસિંહ બ.નં.૩૯૦–ત.ક.અ. | ૩૯ |

**–: <u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૧ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૨ |
| ૩. | હથિયાર કબજે કરેલાનુ પંચનામુ | ૨૨ |
| ૪. | એમ.એલ.સી. સર્ટી નં.૧૭૯/૨૦૨૨ | ૩૪ |
| ૫. | કેસ પેપર્સ | ૩૫ |
| ૬. | સુચિપત્ર | ૩૭ |

(૪) ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ ના વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી કરતા ફરિયાદપક્ષ નો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરવામાં આવેલ. તમામ પુરાવાના અંતે આરોપીનું ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં અમો આરોપીઓ નિર્દોષ છીએ અને અમારા સામે ખોટી ફરીયાદ કરેલ છે એવી હકીકત જણાવેલ છે.

**(૫)** આ કામે સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી.ડી.ડી.પટેલ.ની તથા આરોપી પક્ષે વ.વ.શ્રી.આઇ.આઈ.મનસુરી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૬)** આ કામે કેસનો ન્યાયી નિર્ણય કરવા માટે નીચેના મુદ્દા મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

**-: <u>મુદ્દાઓ</u> :-**

(૧) શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં. ૧ નાનો વરઘોડામાં ખુલ્લી તલવાર સાથે રાસ રમતો હોય જેથી સાહેદ ઉમગસિંહ નાએ આરોપીને ખુલ્લી તલવાર સાથે રાસ રમવાની ના કહેતા જે બાબતની અદાવત રાખી આ કામના આરોપી ઓએ સાહેદ તથા ફરીયાદી શ્રી ને રસ્તામાં રોકી સાહેદ તથા ફરીયાદી શ્રી ને માઢબેન સામી નઠારી ગાળો બોલી સાહેદ નિરવકુમાર તથા ઉમંગસિંહને શરીરે ગડદા પાટુનો માર મારી તથા આ .નં. ૧ નાએ તેના હાથમાંની લાકડી વડે સાહેદ નિરવકુમારને પીઠના ભાગે ઈજા પહોચાડી તથા આ . નં. ૨ નાએ સાહેદ નિરવકુમારને પોતાના હાથમાંના પથ્થર વડે શરીરે ઈજાઓ પહોંચાડી તમામ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાન થી મારી નાખવાની ધમકીઓ આપીલ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરીલ જીલ્લા મેજીઈ સાઈ ના ચાલુ જાહેરનામાનો ભંગ કરી તપાસ દરમ્યાન પાછાળથી પકડાઈ જઈ ગુન્હો કરેલ આરોપીઓએ ભારતીય દંડ સહિતાની કલમ ૩૪૧,૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ- ૧૩૫ મુજબ નો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાના ન્યાયી નિર્ણયના જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: <u>નિર્ણય અંગેના કારણો</u> :-**

**<u>મુદ્દાનંબર–૧ અંગે</u> :–**

(૮) મુદ્દા નં.૧ અન્વયે પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે આરોપી સામે ભારતીય દંડ સહિતાની કલમ–૩૪૧,૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબના ગુન્હાનું તહોમત છે. વધુમાં ફરીયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ છે તે લક્ષ માં લઈ આરોપી વિરુધ્ધ ઉપરોકત તહોમતનામાંમા જણાવેલ ગુન્હાના તત્વો પૈકીનું કોઈ તત્વ પુરવાર થાય છે કે કેમ ? તે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરીને આ કેસનો નિર્ણય કરવાનો રહે છે.

(૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ફરીયાદી–જામલસિંહ રાણસિંહ મકવાણા નાઓને આંક– ૧૦ થી તપાસવામા આવેલ છે. જેમની જુબાનીનુ મુલ્યાકત કરવામા આવે તો સાહેદે એવો પુરાવો આપેલ છે કે , મે ધોરણ–૯ સુધીનો અભ્યાસ કરેલ છે.મારે સંતાનમાં ત્રણ દીકરીઓ અને એક દીકરો છે.ફરીયાદ વાળો બનાવ તા.૫/૬/૨૦૨૨ ના રોજ વડાગામ આઈ.ટી.આઈ. પાસે આશરે રાત્રીના નવ–સવા નવ વાગ્યે બનેલ.બનાવના દીવસે નાનીવાવ મુકામે લગ્નપ્રસંગ હોય હુ તથા મારી પત્ની, મારા જમાઈ, મારા બાળકો આવેલા હતા.આ લગ્ન પ્રસંગમાં વરઘોડામાં હુ તથા અમારા ગામના માણસો તથા મહેમાનો નીકળેલ.વરઘોડામાં નરેશભાઈ, વીશાલભાઈનાઓ વીગેરે ત્રણ જણા હતા.ત્રીજાનુ નામ મને યાદ નથી.વરઘોડામાં નરેશભાઈ તલવાર વીંઝતા હતા તેથી મારા પુત્ર ઉમંગે તેમ કરવાની ના પાડી હતી.આવુ કહેતા જે બે–ત્રણ જણા હતા તેમને અમોને કહેલ કે આગળ આવો તેવુ કહેલ. વરઘોડામાં આવો બનાવ બનતા અમો વરઘોડામાંથી ઘરે જવા નીકળી ગયેલ.ઘરે જવા મારા જમાઈ નીરવભાઈ, હીતેન્દ્રભાઈ, ભત્રીજો જયેન્દ્રભાઈ બાઈક લઈને નીકળેલા.અમો ઈકો ગાડીમાં મારા પરીવાર સાથે ઘરે જવા નીકળેલા.વડાગામ આઈ.ટી.આઈ.થી થોડીક આગળ જતા મારા પુત્ર બાઈક લઈને જતા હતા તેમને વીશાલભાઈ,નરેશભાઈ વીગેરેએ રોકેલા.તે સમયે હુ

પાછળ જ આવતો હતો.આ લોકોએ બીજા માણસોને વચ્ચે ઉભા રાખી મારા ભત્રીજા, મારા દીકરા અને મારા જમાઈને મારેલુ. આ બનાવમાં મારા જમાાઈને માથામાં વાગ્યુ હતુ.મારા જમાઈને માથામાં પથ્થર મારેલો હતો. તે કોણે મારેલો તે મારા જમાઈને જ ખબર છે. મારા દીકરા ઉમંગને પણ આ લોકોએ પથ્થર મારેલો અને રોડ પર ખેંચેલો.ત્યારબાદ આ લોકો ભાગી ગયેલ ત્યારે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી.આ ઝઘડો વરઘોડાની બબાલ બાબતે થયો હતો.હુ આ લોકોને જોયેથી ઓળખી શકુ છુ.હવે સાહેદ જણાવે છે મારે એમની સાથે કોઈ કોન્ટેકટ નથી એટલે જોયેથી ઓળખી શકુ નહી.આ બનાવમાં મારા જમાઈ અને દીકરાને ઈજા થતા ધનસુરા સરકારી હોસ્પીટલે સારવાર માટે લઈ આવેલ હતા.બનાવ અંગે ફરીયાદ આપેલી.અસલ ફરીયાદ દેખાડવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે અસલ ફરીયાદ રજુ દા.આંક.૧૧. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત કબુલ રાખેલ છે કે , તે વાત ખરી છે કે હુ ધોરણ–૯ સુધી ભણેલો છુ. બનાવની ફરીયાદ તા.૬/૬/૨૦૨૨ ના રાત્રીના બાર વાગ્યા પછી આપેલી. એ વાત ખરી છે કે ફરીયાદમાં જણાવેલ બધા જ સાક્ષી મારા સંબંધી છે. હવે સાહેદ જણાવે છે કે બધા નથી.એ વાત ખરી છે કે ફરીયાદ બાબતે પંચનામુ થયુ હતુ.પંચનામાં બાબતે મને પુરેપુરી માહીતી છે.એ વાત ખરી છે કે પંચનામામાં જણાવેલ પંચો નટવરસીંહ અનુપસિંહ અને અજમેલસિંહ પુંજસિંહ મકવાણા એ ગુનાવાળી જગ્યાના પંચો છે. પંચનામામાં આરોપીના વિ.વ.શ્રીએ ઉલટતપાસમાં રીફર કરેલ હોય રજુ દા.આંક.૧૨.આ પ્યા.મને ગુજરાતી વાંચતા આવડતુ નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઓછુ ફાવે છે.એ વાત ખરી છે કે મને પંચનામામાં લખેલી તારીખ વંચાય છે તે ૬/૬/૨૦૨૨ છે.એ વાત ખરી છે કે પંચનામાનો સમય ૮/૩૦ થી ૯/૧૫ નો લખ્યો છે. એ વાત ખરી છે કે અમે કોના લગ્નમાં ગયેલા હતા તેનુ નામ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે લગ્નના વરઘોડામાં ઘણીબધી ભીડ હોય.એ વાત ખરી

છે કે ભીડમાં માણસો અડી અડીને ઉભા હોય.એ વાત ખરી છે કે તલવાર તીક્ષ્ણ હથીયાર કહેવાય.એ વાત ખરી છે કે જો વરઘોડામાં તલવાર વીંઝવામાં આવે તો આજુબાજુ વાળાને વાગી જાય.એ વાત ખરી છે કે વરઘોડામાં કોઈને તલવાર વાગી નથી.એ વાત ખરી નથી કે તલવાર વીંઝતા હોવા બાબતે મારા દીકરા સીવાય અન્ય કોઈએ ઠપકો આપ્યો નહતો.એ વાત ખરી છે કે જે અન્ય લોકોએ ઠપકો આપ્યો હતો તેમના નામ મે પોલીસમાં લખાવ્યા નથી.એ વાત ખરી છે કે મે મારી સરતપાસમાં જણાવેલી હકીકત ''મારા પુત્ર ઉમંગે તેમ કરવાની ના પાડી હતી.આવુ કહેતા જે બે-ત્રણ જણા હતા તેમને અમોને કહેલ કે આગળ આવો તેવુ કહેલ.'' તે હકીકત મારી ફરીયાદમાં લખાવેલ નથી.એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં જણાવેલ હકીકત '' આ લોકોએ બીજા માણસોને વચ્ચે ઉભા રાખી મારા ભત્રીજા, મારા દીકરા અને મારા જમાઈને મારેલુ.'' એ હકીકત મારી ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારી સરતપાસમાં જણાવેલ હકીકત '' મારા દીકરા ઉમંગને પણ આ લોકોએ પથ્થર મારેલો અને રોડ પર ખેંચેલો.'' એ હકીકત મારી ફરીયાદમાં લખાવેલ નથી.એ વાત ખરી છે કે મે મારી સરતપાસમાં ઈકો ગાડીમાં જતા હોવાનુ લખાવ્યુ છે પંરતુ તે ઈકો ગાડીનો નંબર ફરીયાદમાં લખાવેલ નથી. વરઘોડો પંાચ વાગ્યે નીકળેલો અને બેથી અઢી કલાક ફરેલો.એ વાત ખરી છે કે વરઘોડો પુરો થતા અમે બધા ઘરે જતા રહયા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પ્રશ્ન બનતા વરઘોડો પુરો થઈ ગયેલ.એ વાત ખરી છે કે અમે બધા વરઘોડામાંથી નીકળ્યા ત્યારે દસ બાર જણા હતા.હવે સાહેદ જણાવે છે કે દસ બાર જણા નહતા.એ વાત ખરી છેકે કોઈકે પોલીસને ફોન કરેલો.એ વાત ખરી નથી કે પોલીસ તરત જ આવી ગયેલ હતી.

સવાલ-કેટલા વાગ્યે પોલીસ આવેલ?

જવાબ-કલાક પછી આવેલી હતી.

એ વાત ખરી છે કે મે સરતપાસમાં જણાવેલી આઈ.ટી.આઈ.વાળી જગ્યા સુમસામ

જગ્યા છે. એ વાત ખરી છેકે ત્યાં કોઈ લાઈટ નથી અને અંધારુ રહે છે.એ વાત ખરી છેકે વડાગામની આઈ.ટી.આઈ.થી વડાગામનુ પી.એચ.સી.નજીક છે.એ વાત ખરી છે કે વડાગામમાં પોલીસ ચોકી પણ નજીક છે.એ વાત ખરી છે કે બનાવ ઓંચીતો બનતા હુ ગભરાઈ ગયો હતો.એ વાત ખરી નથી કે ગભરાઈ જતા બધાને ફોન કરતા બધા ભેગા થઈ ગયા હતા.એ વાત ખરી છે કે બનાવ બનતા તે અંગે બધા સંબંધીઓને વાત કરી ભેગા કર્યા હતા.એ વાત ખરી નથી કે સંબંધીઓ ભેગા થતા બધાએ ફરીયાદ કરવાનુ કહેલ.એ વાત ખરી નથી કે હુ મોઢુકા ગામમાં આગળ પડતો અને પ્રતિષ્ઠીત વ્યકિત છુ.એ વાત ખરી નથી કે ગામમાં બબાલ થાય કે બીજો કોઈ બનાવ બને તો બધા મને બોલાવે છે.એ વાત ખરી નથી કે મારે અવાર નવાર પો.સ્ટે. જવાનુ થતુ હોવાથી પોલીસ મને ઓળખે છે.એ વાત ખરી નથી કે પો.સ્ટે.ફરીયાદ કરવા ગયા હતા ત્યારે પો.સ્ટે.ની બહાર ઓટલા પર બધા બેઠા હતા.એ વાત ખરી નથી કે ફરીયાદ કરતા પહેલા કેવી ફરીયાદ કરવી છે તેની ચર્ચા કરી હતી.એ વાત ખરી નથી કે પોલીસે ફરીયાદ લખી અને મે તેમાં સહી કરી હતી. ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે જે બનાવ બન્યો હતો તે લખાવ્યુ હતુ. એ વાત ખરી નથી કે મને વાંચતા આવડતુ ન હોય મે ફરીયાદ વાંચી ન હતી પરંતુ ખાલી સહી કરી હતી. ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે વાંચી સંભળાવી હતી.એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા મે હાલની ખોટી ફરીયાદ આપી છે. એ વાત ખરી નથી કે મારી ખોટી ફરીયાદના સંબંધે સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં જણાવેલ હકીકત '' બનાવના દીવસે નાનીવાવ મુકામે લગ્નપ્રસંગ હોય હુ તથા મારી પત્ની, મારા જમાઈ, મારા બાળકો આવેલા હતા.આ લગ્ન પ્રસંગમાં વરઘોડામાં હુ તથા અમારા ગામના માણસો તથા મહેમાનો નીકળેલ.વરઘોડામાં નરેશભાઈ, વીશાલભાઈનાઓ વીગેરે ત્રણ જણા હતા.ત્રીજાનુ નામ મને યાદ નથી.વરઘોડામાં નરેશભાઈ તલવાર વીંઝતા હતા તેથી મારા પુત્ર ઉમંગે તેમ કરવાની ના પાડી હતી.આવુ કહેતા જે બે–ત્રણ જણા હતા

તેમને અમોને કહેલ કે આગળ આવો તેવુ કહેલ. વરઘોડામાં આવો બનાવ બનતા અમો વરઘોડામાંથી ઘરે જવા નીકળી ગયેલ.ઘરે જવા મારા જમાઈ નીરવભાઈ, હીતેન્દ્રભાઈ, ભત્રીજો જયેન્દ્રભાઈ બાઈક લઈને નીકળેલા.અમો ઈકો ગાડીમાં મારા પરીવાર સાથે ઘરે જવા નીકળેલા.વડાગામ આઈ.ટી.આઈ.થી થોડીક આગળ જતા મારા પુત્ર બાઈક લઈને જતા હતા તેમને વીશાલભાઈ,નરેશભાઈ વીગેરેએ રોકેલા.તે સમયે હુ પાછળ જ આવતો હતો.આ લોકોએ બીજા માણસોને વચ્ચે ઉભા રાખી મારા ભત્રીજા, મારા દીકરા અને મારા જમાઈને મારેલુ. આ બનાવમાં મારા જમાાઈને માથામાં વાગ્યુ હતુ.મારા જમાઈને માથામાં પથ્થર મારેલો હતો. તે કોણે મારેલો તે મારા જમાઈને જ ખબર છે. મારા દીકરા ઉમંગને પણ આ લોકોએ પથ્થર મારેલો અને રોડ પર ખેંચેલો.ત્યારબાદ આ લોકો ભાગી ગયેલ ત્યારે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી.આ ઝઘડો વરઘોડાની બબાલ બાબતે થયો હતો.હુ આ લોકોને જોયેથી ઓળખી શકુ છુ.હવે સાહેદ જણાવે છે મારે એમની સાથે કોઈ કોન્ટેકટ નથી એટલે જોયેથી ઓળખી શકુ નહી.આ બનાવમાં મારા જમાઈ અને દીકરાને ઈજા થતા ધનસુરા સરકારી હોસ્પીટલે સારવાર માટે લઈ આવેલ હતા.'' ખોટી જણાવેલ છે.

(૧૦) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા પંચ સાહેદ– અલ્પેશભાઈ રઈજીભાઈ ખાંટ નાઓને આંક– ૨૧ થી તથા પંચ સાહેદ– પારસભાઈ રાજુભાઈ પરમાર નાઓને આંક– ૨૩ થી તપાસવામા આવેલ છે. જેમની જુબાનીનુ મુલ્યાકત કરવામા આવે તો સાહેદોએ એવો પુરાવો આપેલ છે કે , તા.૦૭/૦૬/૨૨ ના રોજ વડાગામ ટાવર પાસે ઉભેલા હતા તે સમયે પોલીસે એક લખેલ પંચનામામા સહી લીધેલ. પોલીસે હાજરીમાં પંચનામુ કરેલ નથી. હથીયાર કબજે કરેલાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમા પંચ–૧ અને પંચ–૨ તરીકે કરેલ સહી છે જે જોઈ ઓળખી બતાવુ છુ જે પંચનામુ રજુ દા.આંક.૨૨ પંચનામામા સહી કર્યા સીવાય બીજી કોઈ હકીકત જાણતા નથી. ત્યાર બાદ

વિએપીપી ધ્વારા સદરહુ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલા હોય તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમ છતા પણ ફરીયાદીએ તેઓએ કરેલ ફરીયાદ હકીકતને સમર્થન કારી પુરાવો રજુ કરેલ નથી.

**(૧૧)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા પંચ સાહેદ– નટવરસિંહ અનુપસિંહ ચૌહાણ નાઓને આંક– ૨૫ થી તપાસવામા આવેલ છે. જેમની જુબાનીનુ મુલ્યાકત કરવામા આવે તો સાહેદે એવો પુરાવો આપેલ છે કે ,તા.૦૬/૦૬/૨૨ ના રોજ અમો અમારી જાતે પહેલા વડાગામ આઈ.ટી.આઈ. પાસે બનાવ બનેલ તે જગ્યાએ આવેલા તે જગ્યાએ નીરવભાઈને માથામા વાગેલ હોય તેઓને ધનસુરા સરકારી દવાખાને સારવાર માટે લાવેલ અને ત્યાર બાદ ધનસુરા પોલીસ સ્ટેશને ગયેલ. ધનસુરા પોલીસ સ્ટેશને ગયા બાદ બીજા દીવસે આઈ.ટી.આઈ. વડાગામ પાસે ગયા હતા. આ જગ્યાએ પંચનામાનુ બધુ જોયેલ. આઈ.ટી.આઈ. પાસે રોડ પર પથ્થર વીગેરે ફેદાયેલ જોયેલ. આ જગ્યાએ રોડ ડામર કરેલો હતો. આ સીવાય બીજી કોઈ બનાવ સબંધે રોડ પર મે જોયેલ નહી. આ રોડ ની બંને બાજુ કયા સ્થળ આવેલા તેની મને ખબર નથી. પોલીસે મારી પંચનામામા સહી લીધેલ. મને આંક–૧૨ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જેમા પંચ–૧ તરીકે કરેલ સહી મારી છે જે જોઈને હુ ઓળખી બતાવુ છુ.

**(૧૨)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા પંચ સાહેદ– અજમેલસિંહ પુંજસિંહ મકવાણા ઓને આંક– ૨૬ થી તપાસવામા આવેલ છે. જેમની જુબાનીનુ મુલ્યાકત કરવામા આવે તો સાહેદે એવો પુરાવો આપેલ છે કે , તા.૦૬/૦૬/૨૨ ના રોજ પોલીસે મને વડાગામ આઈ.ટી.આઈ. પાસે રોડ પર પંચ તરીકે બોલાવેલ. બનાવ વાળી જગ્યાએ જોતા ડામર રોડ આવેલ હતો. આ જગ્યાએ બાઈકના કાચ તુટેલા જોયેલ. આ જગ્યાએ પથ્થર પડેલા હતા. બનાવ વાળી જગ્યાએ જે રોડ આવેલ હતો તે વડાગામ થી નાનીવાવ જતો હતો. પોલીસે મારી હાજરીમા પંચનામુ કરી પંચ તરીકે સહી લીધેલ. મને આંક–૧૨ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જેમા પંચ–૨

તરીકે કરેલ સહી મારી છે જે જોઈને હુ ઓળખી બતાવુ છુ.

(૧૩) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સાહેદ–ઉમંગસિંહ જામલસિંહ મકવાણા ઓને આંક– ૧૪ થી તપાસવામા આવેલ છે. મે ધોરણ–૯ સુધીનો અભ્યાસ કરેલ છે. સન–૨૦૨૨ માં ગાંભોઈ મુકામે માર્બલની ફેકટરીમાં નોકરી કરતો હતો. અમો ચાર ભાઈ બહેન છીએ. આ કામના ફરીયાદી મારા પીતા થાય છે. ફરીયાદ વાળો બનાવ તા.૬/૬/૨૦૨૨ ના રોજ નાની વાવ વડાગામ આઈ.ટી.આઈ. જોડે આશરે સવા નવ વાગ્યે બનેલ.બનાવ બન્યો તે અગાઉ અમો મારા પીતાની ફોઈના ઘરે લગ્ન પ્રસંગ હોય નાની વાવ મુકામે આવેલ હતા.આ પ્રસંગમાં હુ તથા મારા માતા–પીતા તથા મારી બહેન, જીજાજી, નીરવકુમાર, હીતેન્દ્રકુમાર મહોબતસીંહ ચૌહાણ નાઓ આવેલ હતા. લગ્નમાં વરઘોડો કાઢવામાં આવેલ આ વરઘોડામાં અમો બધા ગયેલા.આ વરઘોડામાં ખુલ્લી તલવાર ગમે તેમ નરેશભાઈ કેશાભાઈ વીંજતા હતા તેથી મે તેઓને સાઈડમાં બોલાવી ખુલ્લી તલવાર વીંજવાની ના પાડેલ જેથી આ નરેશભાઈએ મારી સાથે ઝઘડો કરેલ.આ વરઘોડામાંથી હુ તથા મારા ઘરના સભ્યો અમારા ઘરે જવા માટે નીકળેલ જેમાં હુ તથા મારા જીજાજી નીરવકુમાર બાઈક લઈને નીકળેલા. મારા મમ્મી પપ્પા તથા બહેન ઈકો ગાડીમાં ઘરે આવવા નીકળેલા.વડાગામ આઈ.ટી.આઈ.પાસે સાંજના આશરે સવા નવ વાગ્યે આવેલા ત્યારે તે જગ્યાએ ઘણા બધા માણસો હતા.લાઈટના અજવાળે આ લોકો અમોને જોઈ ગયેલા અને તેમણે અમોને રોકી માબેન સામે ગાળો બોલવા લાગેલ. નરેશભાઈએ મને ગાડી ઉપરથી ખેંચી નીચે પાડી ગળદા પાટુનો માર માર્યો હતો. આ જગ્યાએ નરેશભાઈ સાથે વીશાલ, ભાવેશભાઈ હતા તેમણે મારા જીજાજી નીરવભાઈને બાઈક પરથી નીચે પાડી ભાવેશભાઈએ લાકડી મારેલ.આ જગ્યાએ હાજર નરેશભાઈએ કહેલ કે તમોએ અમારા વીસ્તારમાં આવીને મને ખુલ્લી તલવાર વીંજવાની કેમ ના પાડી હતી. ભાવેશભાઈએ અમોને ધમકી આપેલ કે હવે અમારા વીસ્તારમાં આવશો તો જાનથી મારી નાખીશુ.બનાવ સમયે મારો ભાઈ

જયેન્દ્રસીંહ બાઈક સાથે આવેલ અને તેણે અમોને છુટા પાડેલ. મારા જીજાજી નીરવકુમારને ધનસુરા સીવીલ ખાતે સારવાર કરાવેલ.બનાવ અંગેની ફરીયાદ મારા પીતાએ આપેલ.પોલીસે મારુ નીવેદન લીધેલ. આરોપીઓને હુ જોયેથી ઓળખી શકુ છુ જેઓ નામદાર કોર્ટમાં હાજર છે. જો મને મુદામાલ લાકડી બતાવવામાં આવે તો તે હું ઓળખી શકુ નહી. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત કબુલ રાખેલ છે કે , એ વાત ખરી છે કે, અમે બધા મારા પીતાની ફોઈના ઘરે લગ્નમાં તા.૬/૬/૨૦૨૨ ના સાંજના ચાર વાગ્યે ગયા હતા.એ વાત ખરી છે કે અમે ગયા ત્યારે ઘણા બધા મહેમાનો હતા અને બીજા ઘણા મહેમાનો આવતા હતા. એ વાત ખરી છે કે મહેમાનો આવ્યા પછી સાં જના સાતા વાગ્યા બાદ જમણવાર થયો હતો.એ વાત ખરી છે કે આ જમણવાર બે-ત્રણ કલાક ચાલ્યો હતો.એ વાત ખરી છે કે નાનીવાવ મોટુ ગામ છે.એ વાત ખરી છે કે નાની વાવ મોટુ ગામ હોવાથી વરઘોડાને ફરતા ફરતા ત્રણેક કલાક જેવો સમય થઈ જાય. એ વાત ખરી નથી કે આ વરઘોડો દસેક વાગ્યા આસપાસ નીકળેલો. એ વાત ખરી છે કે અમે બધા તથા ગામના ઘણા બધા માણસો હતા. એ વાત ખરી છે કે વરઘોડો નીકળ્યો ત્યારે નાનીવાવ ગામમાં સ્ટ્રીટ લાઈટ નહતી. એ વાત ખરી છે કે સ્ટ્રીટ લાઈટ ન હોવાથી કોણ ગરબા ગાય છે અને કોણ શું કરે છે તે હુ કહી શકુ નહી.એ વાત ખરી નથી કે નરેશભાઈ ખુલ્લી તલવાર સાથે ગરબા ગાતા હોય તે મે નજરે જોયુ નથી.એ વાત ખરી છે કે આ બનાવ પહેલા હુ નરેશભાઈને કયારેય રૂબરૂ મળ્યો નથી કે ઓળખતો નહતો.એ વાત ખરી નથી કે મે ચાલુ વરઘોડાએ મે નરેશભાઈને ખુલ્લી તલવારે રાસ ન રમવાનુ કહ્યુ હોવાની હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે વરઘોડો નીકળ્યો ત્યારે વીડીયોગ્રાફી અને શૂંટીગ વાળા પણ હતા. એ વાત ખરી છે કે વરઘોડો પુરો થયા પછી હુ તથા મારા સબંધી ઘરે જવા નીકળ્યા હતા.એ વાત ખરી નથી કે વડાગામ હાઈવેથી વડાગામ જવાના રોડ પર આઈ.ટી.આઈ.આવેલ છે. એ વાત ખરી નથી કે કહેવાતા બનાવા વાળી જગ્યા

આઈ.ટી.આઈ.ની આજુબાજુ બીજા મકાનો આવેલા છે. એ વાત ખરી નથી કે આઈ.ટી.આઈ.ની સામે પો.સ્ટેશન છે.એ વાત ખરી નથી કે વડાગામમાં સરકારી દવાખાનુ આવેલુ છે.એ વાત ખરી નથી કે મને નરેશભાઈ એ બાઈક પરથી ખેંચીને પાડયો હોય અને મને વાગ્યુ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે વડાગામની આજુબાજુના વીસ્તારમાં કવોરીઓ આવેલી છે. એ વાત ખરી છે કે આ વીસ્તારમા રોડની આજુબાજુ પથ્થરો વીગેરે પડેલા હોય છે.એ વાત ખરી નથી કે હુ ભાવેશભાઈ અને વીશાલભાઈને ઓળખતો નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જોયેલા છે. એ વાત ખરી છે કે બનાવ બન્યો તે પહેલા હુ તેમને ઓળખતો ન હતો કે તેમના નામની મને ખબર ન હતી.એ વાત ખરી છે કે બનાવ બન્યો તે પછી હુ મારા પીતા સાથે ફરીયાદ આપવા ગયો હતો.એ વાત ખરી નથી કે આ ફરીયાદ બનાવના દીવસે આપેલી નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવના દીવસે રાત્રીના બાર વાગ્યા પછી આપેલ હતી. એ વાત ખરી છે કે બનાવ સમયે મારી સાથે જે કોઈ વ્યકિતઓ મારી સાથે હતા તે બધા મારા કુંટુબીઓ છે.

સવાલ– તમારા પીતાજીએ ફરીયાદ આપી તે પછી પોલીસે તમારો જવાબ લેવા માટે કેટલા સમય પછી બોલાવ્યા હતા?

જવાબ– બીજા દીવસે સવારે બાર વાગ્યે.

એ વાત ખરી છે કે મારો જવાબ લીધો તે દીવસે ૭ મી તારીખ હતી.એ વાત ખરી છે કે પોલીસે ખાલી મારુ નામ સરનામુ પુછેલુ.એ વાત ખરી છે કે બાકીનો જવાબ પોલીસે એમની રીતે લખી લીધેલો.એ વાત ખરી નથી કે ફરીયાદી મારા પીતા થતા હોય તેમની ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ.

(૧૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સાહેદ–નીરવસીંહ મહોબતસીંહ ચૌહાણ ઓને આંક– ૧૫ થી તપાસવામા આવેલ છે. મે ધોરણ –૯ સુધીનો અભ્યાસ

કરેલ છે. અમો બે ભાઈઓ છીએ જેમાં મારા મોટાભાઈનુ નામ હીતેન્દ્રસીંહ છે. આ કામના ફરીયાદી જાલમસીંહ મારા સસરા થાય છે. ફરીયાદ વાળો બનાવ તા.૫/૬/૨૦૨૨ ના રોજ રાત્રીના નાની વાવ આઈ.ટી.આઈ. પાસે રાત્રીના સવા નવેક વાગ્યે બનેલ. બનાવના દીવસે મારા સસરાના ફોઈના ઘરે લગ્ન પ્રસંગ હોય હુ તથા ભાઈ, મારા સસરા, મારી પત્ની તેજલબેન, શેમુબેન, જયેન્દ્રસીંહ, સ્વીટુબેન, પીંટુબેન, ગજેન્દ્રસીંહ વીગેરે નાની વાવ ગામે આવેલ હતા. લગ્નમાં વરઘોડાનો કાર્યક્ર મ હતો.આ લગ્નના વરઘોડામાં અમો ઘરના બધા સભ્યો તથા ગામના માણસો વીગેરે આવેલ હતા. આ વરઘોડામાં નરેશભાઈ કેસાભાઈ જોડે બોલાચાલી થયેલી આ બોલાચાલી ખુલ્લી તલવાર નરેશભાઈ વીંજતા હોય તેને ઉમંગભાઈએ બાજુમાં લઈ જઈ તલવાર વીંજવાની ના પાડતા થયેલ. આ બોલાચાલી થયા બાદ અમો બધા વરઘોડામાંથી ઘરે જવા નીકળી ગયેલ. હુ તથા ઉમંગભાઈ બાઈક લઈ નીકળી ગયા હતા.જયેન્દ્રસીંહ બીજી બાઈક લઈ અમારી પાછળ આવતા હતા. મારા સસરા ઈકો ગાડી લઈ પાછળ આવતા હતા.ત્યારબાદ રાત્રીના સવા નવ વાગ્યે હુ અને ઉમંગ આઈ.ટી.આઈ.નજીક પહોંચ્યા હતા બાઈક હુ ચલાવતો હતો.આ જગ્યાએ નરેશભાઈ તથા બીજા માણસોએ વચ્ચે આવી બાઈક ઉભી રખાવી હતી.નરેશભાઈએ ઉમં ગભાઈને નીચે પાડી દઈ ગળદાપાટુનો માર માર્યો હતો.વીશાલભાઈએ મારા મારી કરી ગાળો આપી હતી.આ સમયે જયેન્દ્રસીંહ અને મારા સસરા બચાવવા વચ્ચે પડયા હતા. મને નરેશભાઈએ કેડ પર લાકડી મારી હતી.બીજા એક ભાઈએ મને પથ્થર માર્યો હતો.કોઈએ પોલીસને ફોન કર્યો હતો.આ ત્રણેય વ્યકિતઓ ધમકી આપતા હતા કે ફરીથી આ વડાગામ વીસ્તારમાં આવ્યા છો તો જાનથી મારી નાખીશુ. આ ધમકી આપી આ લોકો ત્યાંથી ભાગી ગયા હતા.મે ધનસુરા સરકારી દવાખાનામાં સારવા લીધેલી.બનાવ અંગેની ફરીયાદ મારા સસરાએ આપેલી. આ કામે પોલીસે મારો જવાબ લીધેલો. હવે સાહેદ જણાવે છે કે ભાવેશભાઈએ મને પથ્થર માર્યો હતો. આરોપીઓને હુ જોયેથી ઓળખી શકુ છુ જેઓ નામદાર કોર્ટમાં હાજર છે.

મને જે લાકડી મારી હતી તે બતાવવામાં આવે તો તે હુ ઓળખી શકુ છુ.

આજરોજ સાહેદને મુદામાલ લાકડીઓ કે જેમાં આ કેસ ઉપરાંત અન્ય કેસની લાકડીઓ સામેલ છે તે બતાવતા તે પૈકીની એક લાકડી બનાવ સમયે આરોપી પાસે હોવાનુ જણાવે છે.આ લાકડી પરનો એમ.આર.નં.જોતા તે ૬/૨૩ લખેલોછે. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. દ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત કબુલ રાખેલ છે કે , એ વાત ખરી છે કે,

**સવાલ:–** તમે તમારા સસરાના ફોઈ ના ત્યા જવા માટે કેટલા વાગે નિકળ્યા હતા?

**જવાબ:–** સવારે ૯ વાગ્યાની આસપાસ.

**સવાલ:–** પહોચ્યા કેટલા વાગે?
**જવાબ:–** ૧૦ વાગ્યાની આસપાસ

એ વાત ખરી છે કે સામાન્ય રીતે અમારા સમાજમાં લગનનો જમણવાર સાંજનો હોય છે.એ વાત ખરી છે કે નાનીવાવ મુકામે પણ જમણવાર ૭ વાગ્યા પછી હતો.એ વાત ખરી છે કે આ જમણવાર ૨ થી ૩ કલાક ચાલેલો.એ વાત ખરી છે કે નાની વાવ મોટુ ગામ છે.એ વાત ખરી નથી કે આ ગામમાં વરઘોડો ફરતા ૩ થી ૪ કલાક લાગે.

**સવાલ:–** આ વરઘોડો કેટલા વાગે નિકળ્યો હતો અને કેટલા વાગે પુરો થયો હતો?
**જવાબ:–** ૮ વાગ્યા આજુબાજુ નિકળ્યો હતો અને ૯ કે ૯.૧૫ ની આસપાસ પુરો થયો હતો.

એ વાત ખરી છે કે નાનીવાવ ગામે સ્ટ્રીટ લાઈટ નથી.એ વાત ખરી નથી કે સ્ટ્રીટ લાઈટ ના હોવાથી કોણ શુ કરે છે તે ખબર ના પડે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ડી.જે. પાછળ લાઈટો હતી.એ વાત ખરી છે કે વરઘોડો નિકળ્યો તે પહેલા હુ નરેશભાઈને નામથી ઓળખતો ન હતો. એ વાત ખરી નથી કે જે વ્યકિત ખુલ્લી તલવાર સાથે ગરબા ગાતા હતા તે નરેશભાઈ ન હતા.એ વાત ખરી છે કે જે નરેશભાઈ ખુલ્લી તલવાર સાથે ગરબા ગાતા હતા તેમને આ બનાવ પહેલા કયારેય જોયા ન હતા.એ વાત ખરી છે કે આ વરઘોડામાં વીડીઓ શુટીંગ અને ફોટોગ્રાફી ચાલુ હતી.એ વાત ખરી નથી કે નરેશભાઈ ને મારા સાળા એ ઠપકો આપ્યો હોવાની હકીકત ખોટી જણાવુ છુ.એ વાત ખરી છે કે આ વરઘોડામાં મારા સિવાય બીજા ઘણા માણસો હતા.

**સવાલ:–** આ વરઘોડો પુરો થયા પછી મોઢુકા ગામે જવા માટે કેટલા વાગે નિકળ્યા હતા?

**જવાબ:–** ૯ વાગે.

એ વાત ખરી છે કે નાનીવાવ થી વડાગામ ૨ કી.મી. છે.એ વાત ખરી છે કે આ અંતર કાપવા સાધનોથી પાંચેક મીનીટ લાગે.એ વાત ખરી નથી કે વડાગામ પાસે મારા સાળાની બાઈક ખેંચી મારા સાળાને નીચે પાડયા હોવાની હકીકત હુ ખોટી જણાવુ છુ.એ વાત ખરી નથી કે મારા સાળાને ગડદાપાટુનો માર મારેલ હોય અને મને લાકડી મારી હોય એ હકીકત ખોટી જણાવી છે.એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ બીજા મકાન અને આઈ.ટી.આઈ આવેલ છે.એ વાત ખરી છે કે વડાગામની આજુબાજુનો વિસ્તાર કવોરી વિસ્તાર છે.એ વાત ખરી છે કે આ વિસ્તારમાં રોડની આજુબાજુ પથ્થર વિગેરે પડયા હોય છે. એ વાત ખરી છે છે આ કહેવાતા બનાવ પછી હુ મારા સસરા સાથે ફરીયાદ આપવા માટે ગયો હતો.એ વાત ખરી નથી કે આ ફરીયાદ આપવા અમો બીજા દિવસે ગયા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે જ દિવસે રાત્રે ગયા હતા પણ તારીખ બદલાઈ ગઈ હતી.ફરીયાદ થયા પછી પોલીસે મને બોલાવ્યો હતો.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બીજા દીવસે બોલાવ્યો હતો.એ વાત ખરી નથી કે પોલીસે મારો કોઈ જ જવાબ લીધેલ નથી.એ વાત ખરી છે કે મને જે લાકડી દેખાડી અને મે જે લાકડી ઓળખી બતાવી એવી લાકડીઓ બજાર માં મળે છે.એ વાત ખરી છે કે મે જે લાકડી ઓળખી બતાવી તેના પર લોહીના કોઈ જ નિશાન નથી.

એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં જણાવેલ હકીકત '' ફરીયાદ વાળો બનાવ તા.૫/૬/૨૦૨૨ ના રોજ રાત્રીના ના ની વાવ આઈ.ટી.આઈ. પાસે રાત્રીના સવા નવેક વાગ્યે બનેલ. બનાવના દીવસે મારા સસરાના ફોઈના ઘરે લગ્ન પ્રસંગ હોય હુ તથા ભાઈ, મારા સસરા, મારી પત્ની તેજલબેન, શેમુબેન, જયેન્દ્રસીંહ, સ્વીટુબેન, પીંટુબેન, ગજેન્દ્રસીંહ વીગેરે નાની વાવ ગામે આવેલ હતા. લગ્નમાં વરઘોડાનો કાર્યક્રમ હતો.આ લગ્નના વરઘોડામાં અમો ઘરના બધા સભ્યો તથા ગામના માણસો વીગેરે આવેલ હતા. આ વરઘોડામાં નરેશભાઈ કેસાભાઈ જોડે બોલાચાલી થયેલી આ બોલાચાલી ખુલ્લી તલવાર નરેશભાઈ વીંજતા હોય તેને ઉમંગભાઈએ બાજુમાં લઈ જઈ તલવાર વીંજવાની ના પાડતા થયેલ. આ બોલાચાલી થયા બાદ અમો બધા વરઘોડામાં થી ઘરે જવા નીકળી ગયેલ. હુ તથા ઉમંગભાઈ બાઈક લઈ નીકળી ગયા હતા.જયેન્દ્રસીંહ બીજી બાઈક લઈ અમારી પાછળ આવતા હતા. મારા સસરા ઈકો ગાડી લઈ પાછળ આવતા હતા.ત્યારબાદ રાત્રીના સવા નવ વાગ્યે હુ અને ઉમંગ આઈ.ટી.આઈ.નજીક પહોંચ્યા હતા બાઈક હુ ચલાવતો હતો.આ જગ્યાએ નરેશભાઈ તથા બીજા માણસોએ વચ્ચે આવી બાઈક ઉભી રખાવી હતી.નરેશભાઈએ ઉમંગભાઈને નીચે પાડી દઈ ગળદાપાટુનો માર માર્યો હતો.વીશાલભાઈએ મારા મારી કરી ગાળો આપી હતી.આ સમયે જયેન્દ્રસીંહ અને મારા સસરા બચાવવા વચ્ચે પડયા હતા. મને નરેશભાઈએ કેડ પર લાકડી મારી હતી.બીજા એક ભાઈએ મને પથ્થર માર્યો હતો. '' તે ખોટી જણાવી છે.

એ વાત ખરી નથી કે ફરીયાદી મારા સસરા થતા હોય તેમના સમર્થનમાં આજરોજ સોગંદ

ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૧૫) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સાહેદ– હિતેન્દ્રસિંહ મહોબતસિંહ ચૌહાણઓને આંક– ૨૭ થી તપાસવામા આવેલ છે. જેમની જુબાનીનુ મુલ્યાકત કરવામા આવે તો સાહેદે એવો પુરાવો આપેલ છે કે , હુ ધોરણ–૧૨ સુધી ભણેલો છુ. આ કામના ફરીયાદી જાલમસિંહ મારા સસરા થાય છે. ફરીયાદ વાળો બનાવ તા.૦૫/૦૬/૨૦૨૨ ના રોજ નાનીવાવ થી વડાગામ આવતા આઈ.ટી.આઈ. પાસે રાત્રીના આશરે ૯:૧૫ વાગે બનેલ. બનાવ બન્યો તે દીવસે નાની વાવ ગામે મારા સસરાની ફોઈના ઘરે લગ્ન પ્રસંગ હોય હુ, મારી પત્ની, મારા બે બાળકો અને મારા ભાઈ–ભાભી તથા તેમનુ બાળક વીગેરે ગયેલ. આ લગન પ્રસંગ મા મારા સસરા–સાસુ, સાળા તથા તેમના બાળકો આવેલા. લગન પ્રસંગે નાનીવાવ મુકામે વરઘોડો નીકળેલ. આ વરઘોડામા અમો બધા ગયેલ. આ ઘરઘોડામા નરેશભાઈ કેશાભાઈ તલવાર લઈ રાસ રમતો હતો જેથી મારા સાળા ઉમંગસિંહે, નરેશભાઈને કહેલ કે આ રીતે વરઘોડામા ખુલ્લી તલવારથી ન રમાય. આવુ કહેતા નરેશભાઈને ખોટુ લાગેલ. મારા સાળાને નરેશભાઈ કહેવા લાગેલ વરઘોડો પુરો થાય પછી તુ મળ. વરઘોડો પુરો થયા પછી જમણવાર ચાલુ થયેલ. મારા સાળાને નરેશભાઈએ બહાર આવ એવુ કહી બોલાવેલ પણ મારા સાળાએ કોઈ ઘ્યાન આપેલ નહી. જમણવાર પત્યા બાદ અમો ઘરે આવવા નીકળ્યા હતા. મારા સાળા ઉમંગસિંહ અને મારા ભાઈ નીરવસિંહ બંને બાઈક ઉપર હતા. હુ તથા મારા સસરા–સાસુ, મારા પત્ની અને બાળકો બધા ઈકો ગાડી મા મોઢુકા ગામે જવા નીકળેલા. વડાગામ આઈ.ટી.આઈ.પાસે આશરે રાત્રીના સવા નવ વાગે પહોચેલા તે સમયે મારા ભાઈ અને ઉમંગસિંહ બાઈક પર આગળ જતા હતા તેમને અચાનક બાઈક પરથી નીચે પાડી ગડદાપાટુનો માર બંનેને મારેલ તેમજ લાકડીઓથી મારા ભાઈ નીરવસિંહને માર મારેલ. નીરવસિંહને માથામા વાગેલ. અમો પાછળથી આવી ગયેલા. અમે જોયેલ તો નરેશભાઈ કેશાભાઈ , ભાવેશભાઈ લાલાભાઈ અને વીશાલભાઈ નાઓ માર મારનાર

હતા તેઓને અમોએ ઓળખેલ. મારા સાળા જયેન્દ્રસિંહ પાછળથી આવી ગયેલ. મારા ભાઈ ને સીવીલ હોસ્પીટલ, ધનસુરા લાવી સારવાર કરાવેલ. બનાવ સમયે કોઈ કાંઈ બોલેલ હોય તેવુ બનેલ નહી. આરોપીઓને હુ જોયે ઓળખી શકુ જેઓ આજરોજ નામ.કોર્ટમા હાજર છે. પોલીસે મારુ નીવેદન લીધેલ. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત કબુલ રાખેલ છે કે , એ વાત ખરી છે કે, સવાલ– તમે લીંમ્બ થી નાનીવાવ કેટલા વાગે નીકળ્યા હતા?

જવાબ– બપોરના ૧૨ વાગે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે લીંમ્બ થી મોઢુકા ગયા હતા.

સવાલ– તમે નાની વાવ કેટલા વાગે પહોંચ્યા હતા?

જવાબ– ૩–૪ વાગે.

એ વાત ખરી છે કે અમારા સમાજમા સામાન્ય રીતે વરઘોડો સાંજના હોય છે. એ વાત ખરી નથી કે વરઘોડો નીકળે તે પહેલા જમણવાર હોય છે. એ વાત ખરી નથી કે નાની વાવ બસો થી ત્રણસો ઘરોનુ મોટુ ગામ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે નાનુ ગામ છે. એ વાતની મને ખબર નથી કે ગામમા સ્ટ્રીટ લાઈટ છે કે કેમ. એ વાત ખરી છે કે વરઘોડામા વીડીઓ સુટીંગ અને ફોટોગ્રાફી ચાલુ હતી. એ વાત ખરી છે કે વરઘોડામા ડી.જે.પણ ચાલુ હતુ. એ વાત ખરી છે કે ડી.જે. અવાજ એટલો બધો હોય છે જેથી બાજુવાળાને અવાજ સંભળાય નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બાજુમા જઈને કહીએ તો સં ભળાય. એ વાત ખરી છે કે વરઘોડામા મારા સાળાએ નરેશભાઈને ખુલ્લી તલવાર સાથે વરઘોડામા રાસ ન રમાય તેવુ કહ્યુ હોય તે મે સાંભળેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા સાળા નરેશભાઈને સાઈડમા લઈ ગયા હતા તે મે જોયુ હતુ જેથી મે મારા સાળાને જઈને પુછતા તેમણે કહ્યુ હતુ

કે આવી રીતે ખુલ્લી તલવાર થી ના રમાય તેવુ કહયુ હતુ. એ વાત ખરી છે કે મારા સાળા નરેશભાઈને સાઈડ મા લઈ ગયા હતા તે હકીકત મારા પોલીસ રુબરુના નીવેદનમા જણાવેલ નથી.

એ વાત ખરી છે કે મે મારી સરતપાસમા જણાવેલી હકીકત '' મારા સાળાને નરેશભાઈ કહેવા લાગેલ વરઘોડો પુરો થાય પછી તુ મળ. વરઘોડો પુરો થયા પછી જમણવાર ચાલુ થયેલ. મારા સાળાને નરેશભાઈએ બહાર આવ એવુ કહી બોલાવેલ પણ મારા સાળાએ કોઈ ધ્યાન આપેલ નહી.'' તે હકીકત મારા પોલીસ રુબરુના નીવેદનમા લખાવેલી નહી.
એ વાત ખરી નથી કે વરઘોડો ૩–૪ કલાક ચાલ્યો હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બે થી અઢી કલાક ચાલ્યો હતો.

સવાલ– આ વરઘોડો અંદાજે કેટલા વાગે પુરો થયો હતો?
જવાબ– સાડા છ થી સાત વાગ્યાના અરસામા.

એ વાત ખરી છે કે નાની વાવ મુકામે વરઘોડામા ઘણા માણસો આવ્યા હતા.

સવાલ– વરઘોડા પછી અંદાજે કેટલા વાગે જમણવાર શરુ થયો હતો?
જવાબ– સાત વાગ્યા પછી.

એ વાતની મને ખબર નથી કે જમણવાર ૩–૪ કલાક ચાલેલ હતો કે કેમ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમે ૯ વાગે નીકળ્યા હતા. એ વાત ખરી નથી કે સાત વાગ્યા પહેલા જમણવાર હતો અને અગ્યાર વાગ્યા પછી વરઘોડો હતો. એ વાત ખરી નથી કે નાની વાવ થી વડાગામનુ અંતર બે કી.મી. છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ૪–૫ કી.મી. છે. એ વાત ખરી નથી કે ખાનગી વાહનમા નાની વાવ થી વડાગામ જતા પાંચ મીનીટનો સમય લાગે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વધુ લાગે.

એ વાત ખરી નથી કે કહેવાતી આઈ.ટી.આઈ.ની બાજુમા મકાન અને પોલીસ સ્ટેશન આવેલા છે. એ વાત ખરી છે કે વડાગામની આજુબાજુ કવોરી વિસ્તાર આવેલો છે. એ વાત ખરી છે કે કવોરી વિસ્તાર હોવાથી આજુબાજુ પથ્થરો પડેલા હોય છે. એ વાત ખરી નથી કે હુ પોલીસ સ્ટેશન ગયો ત્યારે પોલીસે ફકત મારુ નામ સરનામુ જ પુછયુ હતુ તે સીવાયની હકીકત પોલીસે લખી હતી. એ વાત ખરી નથી કે આ ફરીયાદ મારા સસરાએ આપી હોવાથી તેને સમર્થન આપવા માટે આજરોજ સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

(૧૬) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સાહેદ– જયેન્દ્રસિંહ રાજુસિંહ મકવાણા ઓને આંક– ૨૯ થી તપાસવામા આવેલ છે. હુ ધોરણ–૧૨ સુધી ભણેલો છુ. આ કામના ફરીયાદી જાલમસિંહ મારા કાકા થાય છે. ફરીયાદ વાળો બનાવ તા.૦૫/૦૬/૨૦૨૨ ના રોજ નાનીવાવ થી વડાગામ આવતા આઈ.ટી.આઈ. પાસે રાત્રીના આશરે ૦૯:૦૦ – ૯:૧૫ વાગે બનેલ. બનાવ બન્યો તે દીવસે નાની વાવ ગામે મારા પપ્પાના ફોઈના છોકરાના છોકરા લગન પ્રસંગ હતુ. બનાવના દીવસે હુ મારા કાકા જામલસિંહ અને કાકી સમુબેન અને તેમની બે દીકરીઓ તથા તેમના બે જમાઈ નામે હિતેન્દ્રસિંહ અને નીરવસિંહ તેમજ મારી પત્ની, બાળકો નાની વાવ મુકામે લગન પ્રસંગે ગયેલ. નાનીવાવ મુકામે આશરે ૦૫:૩૦ વાગે વરઘોડો નીકળેલ. વરઘોડા મા એક ભાઈ તલવાર ફેરવતા હતા તેથી મારા કાકાના છોકરા ઉમંગભાઈએ તલવાર વાળા ભાઈને બાજુમા બોલાવી કહેલ કે તલવાર અહીંયા ના ફેરવાય કોકને વાગી જશે. આવુ કહેતા તે ભાઈને ખોટુ લાગેલ. તલવાર વાળા ભાઈનુ નામ મને ખબર નથી. તલવાર વાળા ભાઈ ત્યાંથી જતા રહેલા. અમો લગ્ન પ્રસંગમા પરીવારના જે કોઈ સભ્યો આવ્યા હતા તે બધા ઘરે જવા નીકળેલ. હુ તથા મારી પત્ની, બાળકો મારી બાઈક તથા મારા કાકા–કાકી તથા તેમની દીકરીઓ વીગેરે ઈકો ગાડીમા, નીરવસિંહ અને ઉમંગસિંહ બાઈક પર ઘરે જવા નીકળેલા.વડાગામ પાસે આવેલ આઈ.ટી.આઈ. નજીક રાત્રીના ૦૯:૧૫ વાગ્યાની આસપાસ બધા ઉભા હતા. આ જગ્યાએ ઝઘડો થયેલ હતો. આ ઝઘડામા નીરવસિંહ અને ઉમંગસિંહને બાઈક પરથી પાડી માર મારેલ હતો. આ માર મારનાર અને બાઈક પરથી પાડનાર વ્યકતીઓમા એક નરેશભાઈ કેશાભાઈ હતા અને બીજા ના નામ મને આવડતા નથી. નરેશસિંહને હુ જોયેથી ઓળખી શકુ છુ. બાકીનાને બનાવ સમયે રાત્રી હોવાથી હાલમા ઓળખી શકુ નહી. આરોપી તરફ સાહેદ જોઈને જણાવે છે કે જે ભાઈ વચ્ચે બેઠા છે તેમને હુ ઓળખુ છુ. તે ઈસમ પોતાનુ નામ ભાવેશ હોવાનુ જણાવે છે. બધાએ છુટા પાડેલા. કોઈએ પોલીસને ફોન કરતા પોલીસ આવી હતી. આ ઝઘડો

થવાનુ કારણ વરઘોડામા તલવાર ફેરવતા હોય તે બાબતે સાઈડમા બોલાવીને કહ્યુ તે છે. પોલીસે બનાવ બાબતે મારુ નીવેદન લીધુ હતુ. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. દ્ધારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત કબુલ રાખેલ છે કે , એ વાત ખરી છે કે, સવાલ– તમે તમારા ઘરેથી નાની વાવ જવા માટે કેટલા વાગે નીકળેલા?

જવાબ– ત્રણ થી સવા ત્રણ વાગે.

એ વાત ખરી છે કે મારા ઘરથી નાની વાવ બાર થી પંદર કી.મી. થાય. એ વાત ખરી છે કે અમારા સમાજમા જમણવારનો સમય સાંજનો હોય છે. એ વાત ખરી નથી કે જમણવાર પુરો થયા પછી વરઘોડો નીકળે.

સવાલ– વરઘોડો કેટલા વાગે નીકળેલ?
જવાબ– પાંચ સાડા પાંચ વાગે નીકળ્યો હશે અને સાત સાડા સાત વાગે પુરો થયો હશે.

એ વાત ખરી નથી કે આ નાની વાવ એ મોટુ ગામ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મોટુ ગામ છે. એ વાત ખરી છે કે નાની વાવ મા આશરે અઢીસો થી ત્રણસો મકાનો હશે. એ વાત ખરી નથી કે બનાવ સમયે નાની વાવ ગામમા સ્ટ્રીટ લાઈટ ન હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ચોક મા હતી. એ વાત ખરી છે કે વરઘોડામા ડી.જે., ફોટોગ્રાફી અન વીડીઓગ્રાફી ચાલુ હતી. એ વાત ખરી છે કે આ વરઘોડામા મે નરેશભાઈને તલવારથી રાસ રમતા જોયા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હુ સાઈડમા હતો તેથી જોયા નથી તે સાઈડમા આવ્યા ત્યાર પછી તેમના હાથમા તલવાર જોઈ હતી. એ વાત ખરી છે કે તે સમયે મારા ભાઈ ઉમંગસિંહ એ નરેશભાઈને શુ કહ્યુ હતુ અને નરેશભાઈએ શુ કહ્યુ તે મે સાંભળેલ નથી. એ વાત ખરી નથી કે વરઘોડો પુરો થયા પછી જમણવાર ચાલુ થયો હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વરઘોડો ચાલુ હતો ત્યારે જ જમણવાર શરુ થઈ ગયો હતો. એ વાત ખરી છે કે વરઘોડો ત્રણ થી ચાર કલાક ચાલેલ હશે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ત્રણ કલાક અને માથે વીસ થી પચ્ચીસ મીનીટ થઈ હશે.એ વાત ખરી છે કે આ વરઘોડામા ઘણી પબ્લીક હતી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે જે પબ્લીક વરઘોડામા હતી તેને જમણવારમા જમતા બે થી ત્રણ કલાક થાય.

સવાલ– જમણવાર કેટલા વાગે પુરો થયો હતો?
જવાબ– કેટલા વાગે પુરો થયો હતો તેની મને ખબર નથી. અમે નીકળી ગયા હતા.

એ વાત ખરી છે કે નાની વાવથી વડાગામ આશરે બે કી.મી. થાય. એ વાત ખરી છે કે પ્રાઈવેટ સાધન લઈને જઈએ તો આશરે પાંચ મીનીટનો સમય થાય. એ વાત ખરી નથી કે બનાવ વાળી જગ્યાએ બીજા મકાનો અને આઈ.ટી.આઈ. છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આઈ.ટી.આઈ. છે પણ મકાનો નથી. એ વાત ખરી નથી કે આ આઈ.ટી.આઈ.ની સામે પોલીસ સ્ટેશન છે. એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમા જણાવેલી હકીકત કે નરેશભાઈએ ઉમંગસિંહ અને નીરવસિંહને બાઈક પરથી પાડી દીધેલાની હકીકત ખોટી જણાવી છે. એ વાત ખરી છે કે વડાગામની આજુબાજુ કવોરી વિસ્તાર આવેલ છે અને આજુબાજુ રોડ પર પથ્થરો પડેલા હોય છે. એ વાત ખરી છે કે ઉમંગસિંહ જાલમસિંહ, નીરવસિંહ મહોબતસિંહ, હિતેન્દ્રસિંહ મહોબતસિંહ અમારા નજીકના કુટુંબીજનો અને સબંધી છે.

સવાલ– પોલીસે તમારો જવાબ લેવા કઈ જગ્યાએ બોલાવ્યા હતા?
જવાબ– સ્થળ પર.

સવાલ– કઈ તારીખે બોલાવ્યા હતા?
જવાબ– તારીખ યાદ નથી.

સવાલ– અંદાજે કેટલા દીવસ પછી બોલાવ્યા હતા?
જવાબ– યાદ નથી.

એ વાત ખરી નથી કે પોલીસે મારો જવાબ પાંચ દીવસ પછી ધનસુરા પોલીસ સ્ટેશનમા લીધો હતો. એ વાત ખરી છે કે મે મારી સરતપાસમા જણાવેલી હકીકત મારી પત્ની, બાળકો નાની વાવ મુકામે લગન પ્રસંગે ગયેલ હોવાનુ મારા પોલીસ રુબરુના નીવેદનમા લખાવ્યુ નથી.

એ વાત ખરી છે કે મે મારી સરતપાસમા જણાવેલી હકીકત '' ઉમંગભાઈએ તલવાર વાળા ભાઈને બાજુમા બોલાવી કહેલ કે તલવાર અહીંયા ના ફેરવાય કોકને વાગી જશે. આવુ કહેતા તે ભાઈને ખોટુ લાગેલ.'' મે મારા પોલીસ રુબરુના નીવેદનમા લખાવ્યુ નથી.

એ વાત ખરી છે કે મે મારી સરતપાસમા જણાવેલી હકીકત '' વડાગામ પાસે આવેલ આઈ.ટી.આઈ. નજીક રાત્રીના ૦૯:૧૫ વાગ્યાની આસપાસ બધા ઉભા હતા. '' મે મારા પોલીસ રુબરુના નીવેદનમા લખાવ્યુ નથી.

એ વાત ખરી છે કે મે મારી સરતપાસમા જણાવેલી હકીકત '' બધાએ છુટા પાડેલા. કોઈએ પોલીસને ફોન કરતા પોલીસ આવી હતી. '' મે મારા પોલીસ રુબરુના નીવેદનમા લખાવ્યુ નથી.

એ વાત ખરી છે કે બનાવ સમયે હુ આરોપીઓને નામ જોગ ઓળખતો ન હતો.

એ વાત ખરી નથી કે મારા કાકાના દીકરા ફરીયાદી હોવાથી તેમની ફરીયાદને સમર્થન

આપવા માટે આજરોજ સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

(૧૭) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ડોકટર સાહેદ–ડો.કૃતિ જગદીશભાઈ પટેલ ઓને આંક– ૩૩ થી તપાસવામા આવેલ છે. મે એમ.બી.બી.એસ. સુધીનો અભ્યાસ કરેલ સને–૨૦૨૨ ના વરસમાં પુર્ણ કરેલ.સને–૨૦૨૨ ના વર્ષમા સી.એચ.સી.ધનસુરા મુકામે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતી હતી તે દરમીયાન તા.૦૬/૦૬/૨૦૨૨ ના ક.૧.૦૦ વાગે દર્દી નામ નિરવ મહોબત્તસિંહ ચૌહાણ ઉ.વ.૨૨ નાઓને સારવાર માટે મારી સમક્ષ લાવવામાં આવેલ.સદર દર્દી પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા હતા. નિયમમુજબ તેઓના કેસ પેપર્સ તૈયાર કરી સ્ટાફ દ્વારા તપાસણી માટે મારી પાસે મોકલતા મે તેઓને તપાસેલ.

દર્દી નામે નિરવભાઈ ને તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાયેલ હતી.

(૧) દર્દીને ૨ સે.મી. ×૧ સે.મી. માથાના કપાડના ભાગે એબ્રેજન હતુ.

આ સિવાય દેખીતી બીજી કોઈ બાહ્ય ઈજાઓ જણાયેલ ન હતી.

સદર દર્દીને હીસ્ટ્રીમાં પુછતા તેઓએ જણાવેલ કે '' તેમને નરેશભાઈ કેશાજી ખાંટ દ્વારા પથ્થર અને ગડદાપાટુથી સાંજના ૧૦ વાગે વડાગામ મુકામે માર મારવામાં આવેલા જણાવેલ''. જેની નોંધ મે મારા હસ્તાક્ષરમાં કેસ પેપરમાં કરેલ છે.

સદર દર્દીને પ્રાયમરી સારવાર આપાવામાં આવેલ. દર્દીને સારવારમાં ધનુર નુ ઈન્જેકશન,પેઈન કીલર તથા એન્ટી બાયોટીક દવાઓ આપેલ હતા. આ ઈજાઓ સાદા પ્રકારની હતી.સદર દર્દીને સારવાર આપવા અંગેનુ હુ એમ.એલ.સર્ટી આપેલ હતુ જે આજરોજ મને બતાવવામાં આવે છે.જે સર્ટીફીકેટ મારા હસ્તાક્ષરમાં છે.તેમાં દર્દીને થયેલ ઈજાઓ તથા સારવારની નોંધ કરેલ છે તેમાં મારી સહી છે જે જોઈને ઓળખી બતાવુ છુ એમ.એલ.સી.સર્ટી નં.૧૭૯/૨૦૨૨ ને રજુ દા.આં.૩૪. આપવામાં આવે છે.સદર દર્દીના અસલ કેસ પેપર્સ આજરોજ લાવેલ છુ

જેમાં જે કેસ પેપર્સ મારા હસ્તાક્ષરમાં છે અને તેમા દર્દીએ જણાવેલ હીસ્ટ્રી તથા દર્દીને થયેલ ઈજાઓ તથા સારવારની નોંધ કરેલ છે.જે જોઈને ઓળખી બતાવુ છુ જે કેસ પેપર્સ રજુ દા.આં.૩૫. આપવામાં આવે છે. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. દ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત ખરી છે કે મે તપાસેલા દર્દીને જે ઈજાઓ હતી તેવી ઈજાઓ કોઈ વ્યકિત કાચા રસ્તા ઉપર ચાલતો જતો હોય અને પડી જાય તો પણ થઈ શકે તેવી ઈજા હતી.એ વાત ખરી નથી કે આ દર્દીની સારવાર મે નહી પરંતુ કમ્પાઉન્ડરોએ કરી હતી.એ વાત ખરી છે કે દર્દીઓ પોલીસ યાદી સાથે આવ્યા ન હતા અને મે તેમને પુછેલ નહી કે આ બાબતે ફરીયાદ થઈ છે કે નહી.એ વાત ખરી છે કે દર્દીને થયેલ ઈજા કોઈ ચોકકસ હથીયારથી થઈ હોવાનુ હુ કહી શકુ.એ વાત ખરી નથી કે હુ આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૧૮) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ત.ક.અ. (બ.નં.૧૪૭) સાહેદ– સંજયકુમાર મણીલાલઓને આંક– ૩૬ થી તપાસવામા આવેલ છે. હુ સને–૨૦૨૨ ના વરસમાં ધનસુરા પોલીસ સ્ટેશને તરીકે એ.એસ.આઈ.તરીકે ફરજ બજાવતો હતો.તા.૦૬/૦૬/૨૦૨૨ના રોજ મારી ફરજ ધનસુરા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ તરીકે હતી તે દરમ્યાન જાલમસિંહ રાણસિંહ મકવાણા રહે,મોઢુકા તા.તલોદ જી.સાબરકાંઠાનાઓએ કલાક.૦૦.૧૫ વાગે ફરીયાદ આપતા તેઓના લખાવ્યા મુજબ મે ફરીયાદ લખેલી.તેઓએ મારી રૂબરૂ આપેલ ફરીયાદ મુજબ તા.૦૫/૦૬/૨૦૨૨ના ક.૨૧.૧૫ વાગે વડાગામ ગામની સીમમાં ફરીયાદ વાળો બનાવ બનેલ હતો.જાલમસિંહએ આપેલ મારી રૂબરૂની ફરીયાદ મુજબ આરોપી નં–૧ વરગોડામાં ખુલ્લી તલવાર સાથે રાસ રમતો હોય જેથી ઉમંગસિંહે ખુલ્લી તલવાર સાથે રાસ રમવાનુ ના કહેતા તેની અદાવત રાખી આરોપીઓએ સાહેદ તથા ફરીયાદીને રસ્તામાં રોકી ફરીયાદીને ગાળો બોલી તેમજ સાહેદોને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજા કરેલ તેમજ જાનથી મારી નાંખવાની વિગતો લખાવેલ હતી.મને આં

ક−૧૧ ની ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદીની સહી તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે જોઈને ઓળખી બતાવુ છુ.સદર ફરીયાદ આધારે ધનસુરા પોલીસ સ્ટેશને ગુ.ર.નં.૧૧૧૮૮૦૦૪૨૨૦૨૭૨/૨૦૨૨ ઈ.પી.કો.ક.૩૪૧ ,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ−૧૩૫ મુજબ ગુનો રજીસ્ટર્ડ કરેલ.સદર ગુનાની એફ.આઈ.આઈ નામદાર કોર્ટમાં મોકલી આપેલ.મને આં ક−૧ વાળી એફ.આઈ.આર બતાવવામાં આવે છે જેમાં પોલીસ મથકનો હવાલો ધરાવતા અધીકારી તરીકે મારી સહી છે જે જોઈને ઓળખી બતાવુ છુ.સદર ગુનાના કામે સુચીપત્ર તૈયાર કરી આગળની તપાસ અ.હે.કો.રાજદિપસિંહ જીતસિં હનાઓને સોંપેલ.મને આજરોજ સુચીપત્ર બતાવવામાં આવે છે જે ધનસુરા પો.સ્ટે.ગુ.ર.નં.૨૭૨/૨૨ ના કામેનુ છે જેમાં પી.એસ.ઓ તરીકે મારી સહી છે જે જોઈને ઓળખી બતાવુ છુ સુચીપત્ર રજુ.દા.આં.૩૭. આપવામાં આવે છે.પવામાં આવે છે. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત ખરી છે કે મે ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખેલ નથી.એ વાત ખરી છે કે ફરીયાદીની વિગતોની મને કોઈ જાતમાહિતી નથી.એ વાત ખરી નથી કે હુ આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૧૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ત.ક.અ. (બ.નં.૩૯૦) સાહેદ− રાજદીપસિંહ જીતસિંહ ઓને આંક− ૩૯ થી તપાસવામા આવેલ છે. હુ સને−૨૦૨૨ ના વરસમાં ધનસુરા પોલીસ સ્ટેશને તરીકે અ.હ.કો.તરીકે ફરજ બજાવતો હતો.તા.૦૬/૦૬/૨૦૨૨ના રોજ ફરીયાદી જાલમસિંહ રાણસિંહ મકવાણા રહે,મોઢુકા તા.તલોદ જી.સાબરકાંઠાનાઓએ ધનસુરા પોલીસ સ્ટેશને ફરીયાદ આપતા પી.એસ.ઓ.સંજયકુમાર ધ્વારા ગુનાો રજીસ્ટર્ડ કરી આ ગુનાની તપાસ મને સોંપેલી.તપાસના કામે ગુનાવાળી જગ્યા તે વડાગામ સીમમા નાનીવાવ જતા રોડ ઉપર આઈ.ટી.આઈ.નજીક ફરીયાદીએ બતાવેલ ગુનાવાળી જગ્યાનુ ૨ પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી મને આંક−૧૨ વાળુ ગુનાવાળી જગ્યાનુ પં

ચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચોની સહીઓ તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે જોઈને ઓળખી બતાવુ છુ.તપાસના કામે મે સાહેદોના નિવેદનો લીધેલા.સાહેદોએ મારી રૂબરૂના નિવેદનોમાં ફરીયાદ વાળો બનાવ બન્યા અંગેની હકીકતો લખાવેલી. ગુનાના કામે કામે આરોપી ભાવેશભાઈ,વિશાલભાઈ અને નરેશભાઈની મે અટક કરેલી.આરોપીઓ ગુનામાં વપરાયેલ મારક હથીયાર રજુ કરવા માંગતા હોય ૨ પંચના માણસો બોલાવી પંચો રૂબરૂ આરોપી નરેશભાઈ કેશાભાઈ ખાંટનાઓએ ગુનામાં વપરાયેલ વાંસની લાકડી રજુ કરતા પંચનામાની વિગતે મુદામાલ તરીકે કબ્જે કરેલ.મને આંક–૨૨ નુ મુદામાલ કબ્જે કર્યા અંગેનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચોની સહીઓ તથા રૂબરૂ તરીકે મારી સહી છેજે જોઈને ઓળખી બતાવુ છુ.મારી તપાસના આ કામના આરોપી નં–૧ ના નરેશભાઈ વરઘોડામાં ખુલ્લી તલવાર સાથે રાસ રમતા હોય જેથી સાહેદ ઉમંગસિંહે આરોપી નં–૧ ને તલવાર સાથે રાસ રમવાની ના પાડતા તેની અદાવત રાખી આ કામના આરોપીઓએ રસ્તામાં ફરીયાદી સાહેદને રોકી મા–બહેન સામે ગાળો બોલી સાહેદ નિરવકુમાર તથા ઉમંગસિંહને ગડદાપાટુનો માર મારી તથા આરોપી નરેશભાઈએ સાહેદ નિરવકુમારને લાકડીઓ વડે ઈજાઓ પહોંચાડી તેમજ આરોપી નં –૨નાએ નિરવકુમારને પથ્થર વડે ઈજાઓ પહોચાડી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કર્યા અંગેની હકીકતો ખુલેલી.આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ મુજબનો ગુનો કર્યા અંગેના પુરતા પુરાવા મળી આવતા મે નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ આરોપીઓને જોયે ઓળખી શકુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત ખરી નથી કે આ જે બનાવ બન્યો તે બનાવની શરૂઆત બનાવ બન્યો તે અગાઉ બોરવાઈ ગામ મુકામે શરૂ થઈ હતી.એ વાત ખરી છે કે કહેવાતો બનાવ જે વડાગામ મુકામે બન્યો ત્યાં આજુબાજુમાં બીજા મકાનો અને માણસોની વસ્તી આવેલી છે.એ વાત ખરી છે કે આજુબાજુમાં

જે વસ્તી આવેલી છે તેમાંથી કોઈપણ વ્યકિતનુ નિવેદન મે આ કામે લીધેલ નથી.એ વાત ખરી છે કે આ કામના આરોપીઓ અને ફરીયાદી બોરવાઈ મુકામે આ બનાવ બન્યો તે અગાઉ લગન માં ગયા હતા કે કેમ તે બાબતે મે કોઈ તપાસ કરેલ નથી.એ વાત ખરી છે કે બનાવ બન્યો તે જગ્યાએ આજુબાજુમાં કવોરીનો બીઝનેશ આવેલ હોય ત્યાં કાળા પથ્થરો પડેલા હોય છે.એ વાત ખરી છે કે સાહેદ તરીકે મે ફરીયાદીના સબંધીઓના જ નિવેદન લીધેલા છે સ્વતત્ર સાહેદોના નિવેદનો મે આ કામે લીધેલા નથી.એ વાત ખરી નથી કે મે પંચો રૂબરૂ કોઈ પંચનામુ કરેલ નથી.એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો ના હોવા છતા નામદા કોર્ટમાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.એ વાત ખરી નથી કે હુ આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u> :–**

**(૨૦)** આરોપી વિરૂદ્ધ ઈ.પી.કોડની કલમ–૩૨૩ મુજબના ગુના અંગેનું તહોમત ફરમાવવામાં આવેલ છે, તે અંગે જોઈએ તો, ઈ.પી.કોડની કલમ–૩૨૩ નીચે મુજબ છે :–

◆ **<u>ઈ.પી.કોડની કલમ–૩૨૩ નીચે મુજબ છે.</u>**

➔ **ઈ.પી.કોડની કલમ–૩૨૩ સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજા :–**

‘‘કોઈપણ વ્યકિત, કલમ–૩૩૪ માં જણાવેલ સંજોગોમાં હોય, તે સિવાય સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા એકહજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.’’

**ઈ.પી.કોડની કલમ–૩૨૩ સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડવાના તત્ત્વો :–**

➔ (૧) આરોપીએ શારીરિક પીડા, રોગ, અથવા અશકિત નિપજાવ્યા.

(૨) આવું કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યુ હતું.

**(૨૧)** આરોપી વિરૂદ્ધ ઈ.પી.કોડની કલમ–૫૦૪ મુજબના ગુના અંગેનું તહોમત ફરમાવવામાં આવેલ છે, તે અંગે જોઈએ તો, ઈ.પી.કોડની કલમ–૫૦૪ નીચે મુજબ છે :–

◆ **ઈ.પી.કો.કલમ–૫૦૪ સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન :–**

" ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતા કોઈ પણ વ્યકિત ઈરાદાપુર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને, તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.''

➔ **ઈ.પી.કો.કલમ–૫૦૪ ના આવશ્યક તત્ત્વો નીચે મુજબ છે :–**

૧. આરોપીએ ઈરાદાપુર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યું,

૨. તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

૩. આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે થવા ગુન્હો કરી બેસશે.

ઉપરોકત કલમ અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો જે 2007(1)4 જી.એલ.એચ., પાના નં.–337 પર પ્રસિદ્ધ થયેલ છે તેમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ઈ.પી.કોડની કલમ–૫૦૪ પુરવાર કરવા માટે ચોકકસ શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ. જેથી નિર્ણય કરી શકાય કે, તેવા શબ્દોનો ઉશ્કેરણી માટે કે, જાહેર સુલેહ શાંતિનો ભંગ કરવા કે, બીજા કોઈ ગુના કરવા માટે ઉપયોગ થયેલ છે કે, કેમ ? અને જો તેવા શબ્દો રેકર્ડ પર આવેલ ન હોય તો, કોર્ટ તે અન્વયે નિર્ણય કરી

શકે નહીં અને તેવા સંજોગોમાં, ઈ.પી.કોડની કલમ–૫૦૪ પુરવાર થયેલ હોવાનું કહી શકાય નહીં તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે એ.બી.વાટલિયા(પી.એસ.આઈ.) વિરૂદ્ધ ગુજરાત રાજય અને બીજાના કિસ્સામાં કે, જે 2011(3)4 જી.એલ.આર., પાના નં.–2557 પર પ્રસિદ્ધ થયેલ છે, તેમાં નીચે મુજબના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે.

**2011(3) GLR 2557**

**A.B.VATALIYA(P.S.I.) V. STATE OF GUJARAT AND ANR.**

(A) Criminal Procedure Code, 1973(2 of 1974) - Sec. 482 - Indian Penal Code, 1860(45 of 1860) - Sec. 504 - Offence of intentional insult with intent to provoke breach of peace - Complaint must mention in the complaint the exact words used by the accused - Complaint found to be without specific allegations - Proceedings qaushed.

The allegations are levelled against the present petitioner-accused No.4 that respondent No.2 was called in Police Station and there, P.S.I. Mr. A. used abusive language and behaved with him as if respondent No.2 was an accused person who has committed some serious crime. Learned J.M.F.C., Court No.2, Gandhinagar has taken note of these allegations in its order and believed that the behaviour of the petitioner-accused No.4 is sufficient to constitute an offence as the ingredients of Sec. 504 of I.P.C. are satisfied, and therefore, he has issued process against the present petitioner-accused No.4 (para 5) The complaint dated 28-1-2003 appears to be vague and no specific allegations are made which can show that the ingredients of Sec.504 of I.P.C. are attracted qua accused No.4 for issuance of process. In order to appreciate whether the language used by the petitioner

would amount to an insult of the type as would invoke provocation of the nature mentioned above, it was necessary to know that what were the abusive words alleged to have been used by the petitioner. In the instance case,no such abusive words are mentioned or specified in the complaint. Therefore, it cannot be said that the language used by the petitioner would amount to an insult of the type as would invoke provocation of the nature stated above.(Para 8) Proceedings quashed.(See Para 12)

આમ, સદર ઈ.પી.કોડની કલમ–૫૦૪ મુજબ શિક્ષાપાત્ર ગુનાની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આરોપીઓએ ઉચ્ચારેલ શબ્દો રેકર્ડ પર લાવવા પડે અને તે શબ્દો ઉપરથી ફરીયાદપક્ષના સાહેદો ઉપર થયેલ અસર પણ ફરીયાદપક્ષે લાવવી પડે. પરંતુ આરોપીના ઉશ્કેરણીજનક શબ્દો તથા તેનાથી ફરીયાદપક્ષના સાહેદો ઉપર થયેલ ઉશ્કેરણી જેવી અસર અંગે કોઈ જ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી ઈ.પી.કોડની કલમ–૫૦૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાની હકીકતો પુરવાર થતી નથી.

**(૨૨)** આરોપી વિરૂદ્ધ ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) મુજબના ગુના અંગેનું તહોમત ફરમાવવામાં આવેલ છે, તે અંગે જોઈએ તો, ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) નીચે મુજબ છે.

◆ **<u>ઈ.પી.કોડની કલમ ૫૦૬(૨) ગુનાહિત ધમકીની સજા</u> :–**

'' કોઈપણ વ્યકિત ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલ્કતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની આપે અથવા સ્ત્રી પર ચારિત્ર્યહિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.''

➔ **ઈ.પી.કોડની કલમ ૫૦૬(૨) ના આવશ્યક તત્ત્વો નીચે મુજબ છે.**

(૧) આરોપીએ ફરીયાદીને તેના શરીર, મિલ્કત, અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિત સાથે હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની ધમકી આપી,

(૨) આવી ધમકી ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂન બધ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્ર્યહિનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

હવે, મારી નાંખવાની ધમકી આપવી તે ઈ.પી.કોડની કલમ –૫૦૬(૨) અન્વયેનો ગુનો બને છે કે કેમ? તે અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટે તેમના **મુનસફખાન ચાસીનખાન પઠાણ અને બીજા વિરૂધ્ધ ગુજરાત રાજ્યનો ચુકાદો જે 2002 (1) જી.એલ.એચ.( યુ.જે )**પાના નંબર પર પ્રસિદ્ધ થયેલ છે. તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે. જેની હેડ નોટ નીચે પ્રમાણે છે.

**Indian Penal Code, 1860 - Sections 506(2) & 503** Criminal intimidation-Threat to cause death or grievous hurt- Necessary ingredients- Complainant should have been alarmed by the threat administered to him- Evidence indicates a clear absence of any apprehension and/or fear so as to cause alarm to the complainant- No evidence that because of threat, complainant was unable to attend to his duties of any point of time after he lodged

the complaint- Words uttered by the accused did not cause any alarm to the complainant- Offence not proved.

આમ, ઉપરોકત નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨)નો ગુનો પુરવાર કરવા માટેફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે આરોપીઓની ધમકીથી ફરીયાદી ઉપર અસર થવી જોઈએ અને તેવી અસર/બીકના કારણસર ફરીયાદીને પોતાના કોઈ કામકાજમાં કોઈ અડચણ ઉભી થયેલ હોય કે તેવી અડચણના કારણે તેઓ પોતાનુ કોઈ કામકાજ કરી શકેલ ન હોય કે જે કામ કરવા તેઓ માંગતા ન હોય તેવું કામ કરવાની તેઓને ફરજ પડેલ હોય, જે ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) ના ગુનાના આવશ્યક તત્ત્વો છે.

હાલના કામે ફરીયાદપક્ષના સાહેદનો પુરાવો જોતા, ફરીયાદીએ આરોપીની જાનથી મારી નાંખવાની ધમકીના કારણે ફરીયાદ દાખલ કર્યા બાદ કે ફરીયાદ દાખલ કર્યા પહેલા કોઈપણ સમયે તેવી ધમકીના અસર હેઠળ પોતાની રોજીંદી કામગીરીમાં કે ફરજ કરતાં અટકી ગયેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં ફરીયાદી સાહેદે પોતાની ઉલટ તપાસમાં બનાવ બન્યા બાદ આરોપીઓએ ફરીયાદીને કોઈ ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તેથી, ઉપરોકત ચુકાદામાંના પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો હાલના કામે પુરેપુરા લાગુ પડે તેમ છે અને તેથી ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર થયેલ હોવાનું માની શકાય તેમ નથી. આમ, ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) અન્વયેના શિક્ષાપાત્ર ગુનાઓની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**ઈ.પી.કો.કલમ–૧૧૪ ના આવશ્યક તત્વો** :–

(૧). મુખ્ય ગુન્હો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે ગુન્હો બન્યો હોજો જોઈએ.

(૨). તે મુખ્ય ગુન્હામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

(૩). ગુન્હો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ.

(૪). અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ તથા

૫). ગુન્હો બનતા પહેલાં તથા ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ. આમ હાલના ગુનામા જોતા ફરીયાદી ધ્વારા આરોપી સાથે માત્ર બોલાચાલી થયેલી તે સીવાય બીજો કોઈ બનાવ નહી બનેલ હોવાનુ જણાવેલ છે. તેમજ ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામા આવેલ પુરાવામા આરોપી કે આરોપી સાથે અન્ય કોઈ ઈસમો ધ્વારા ગુનો આચરવામા આવેલ હોવા બાબતે કોઈ હકીકત પુરવાર કરી શકેલ નથી. જેથી હાલના ગુનામા ઈ.પી.કો. કલમ– ૧૧૪ મુજબનો ગુનો બનેલ હોવાની કોઈ હકીકત પુરવાર થતી નથી.

## <u>જી.પી.એકટ ની કલમ–૧૩૫(૧) ના આવશ્યક તત્વો</u> :–

વધુમાં આ કામે આરોપીઓ સામે જ જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાનો પણ આરોપ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી નં. ૧ નાએ છરી ધારણ કરી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલો. આ અંગે જોવામાં આવે તો ત.ક. અમલદારનાએ હથિયાર બંધીનું જાહેરનામું રજુ કરેલ છે અને તેની જાહેર પ્રસિદ્ધ કરેલાનું જણાવે છે પરંતુ, જાહેરનામાની બહોળી પ્રસિદ્ધી થયેલ હોય તેનો કોઈ આધાર આ કામે રજુ રાખેલ નથી. તેઓએ આ કામે જાહેરનામું પબ્લિક સ્થળે પ્રસિદ્ધ કરેલ હોય તેવો પણ આધાર પુરાવો તપાસના કામે મેળવેલ નથી કે જોડેલ નથી આમ કહેવાતા બનાવ સમયે અને સ્થળે જી.પી.એકટ કલમ ૧૩૫ માં પ્રબંધ કરવામાં આવે તે રીતે જાહેર જનતાની જાણમાં આવે તે રીતે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય તેવી વિગત ફરિયાદ પક્ષ પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. **ધી સ્ટેટ વિ.અજીજખાન સુબેદાખાન ૧૯૫૬ ક્રિ.લો.જ.૧૨૯૪** માં સ્પષ્ટ ઠરાવેલ છે કે જાહેરનામાની પ્રસિદ્ધી કરાવવી જરૂરી છે. આમ જાહેરનામાના અમલ માટે તેની પ્રસિદ્ધી બહુ જ અગત્યની હોય છે. હાથ પરના કેસમાં જાહેરનામાની પ્રસિદ્ધી થયેલ છે કે નહી તેનો સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આથી એવુ માની શકાય નહી કે બનાવ

સમયે અને સ્થળે હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હતુ. આમ કહેવાતા બનાવ સમયે અને બનાવ સ્થળે જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હતુ કે કેમ? તેવી કડી પર્યાપ્ત પુરાવાના અભાવે ફરિયાદ પક્ષ પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીએ જાહેરનામાનો ભંગ કર્યો હોય તેવી હકીકત સાબીત થતી નથી.

(૨૩) આમ, આ કામે રજુ કરવામાં આવેલ તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદી સાહેદ જાલમસીહ રાણસીહ મકવાણા ને આંક– ૧૦ થી તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો લક્ષમા લેવામા આવે તો આંક– ૧૦ ની ફરીયાદીની જુબાની આંક– ૧૧ થી રજુ અસલ ફરીયાદમા વીરોષભાષ જણાય આવેછે. સદર સાહેદ તેઓની સરતપાસમાં જણાવે છે કે '' મારા દીકરા ઉમંગને પણ આ લોકોએ પથ્થર મારેલો અને રોડ ઉપર ખેચેલો '' આ હકીકત તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસમા તેઓ સ્વીકારે છે કે , આ હકીકત તેમને ફરીયાદમા જણાવેલ નથી આમ આ બાબત તેમની ફરીયાદમા ઉલ્લેખ કરેલો નથી. વધુમાં ફરીયાદી કહે છે કે મારા જમાઈને પથ્થર માથામા કોને મારેલો તે મારા જમાઈને ખબર છે પણ તેમની ફરીયાદમા તેઓ એ જણાવેલ છે કે ભાવેશભાઈ લાલાભાઈએ તેમના હાથમા પથ્થર લઈ મારા જમાઈને પથ્થર મારેલો. તેવી જ રીતે ફરીયાદી તેમની સરતપાસમા જણાવે છે કે ' મારા પુત્ર ઉમગે તેમ કરવાની ના પાડી હતી આવુ કહેતા જે બે – ત્રણ જણા હતા તેમને અમોને કહેલ કે આગળ આવો તેવુ કહેલ '' પણ સાહેદ ઉલટ તપાસમા એ સ્વીકાર કરે છે કે આવી હકીકત તેઓએ ફરીયાદમા લખાવેલ નથી. આજ રીતે બધા સાહેદો કહે છે કે નીરવભાઈ અને ઉમંગભાઈ ને ગડદાપાટુનો માર મારેલો આરોપી તેમજ માથાના ભાગે લાડીથી નરેશભાઈએ મારેલો, પથ્થર કોઈ બીજા માણસ ે માથાના ભાગે મારેલો. જયારે આ સાહેદોના નીવેદનોમા જણાવે છે કે નીરવભાઈ ના પીઠ ના ભાગે લાકડી મારી દીધેલ અને ભાવેશભાઈ તેના હાથમાં પત્થર મારી દીધેલ. આમ સાહેદોની જુબાનીથી જો નીરવભાઈને પીઠના ભાગે લાકડી અને હાથના

ભાગે પથ્થર મારેલ હોય તો તેમને કપાળના ભાગે ઈજા કઈ રીતે થઈ શકેઅ અને પીઠના ભાગે અને હાથના ભાગે ડોકટરના જુબાની અને મેડીકલ સર્ટી પ્ર માણે કોઈ ઈજા જોવા મળેલી નથી. આ કામે આંક– ૧૪ થી ઉમંગસીહ જાલમસીહનાઓને તપાસવામાં આવેલ છે તેઓની જુબાની લક્ષમા લેવામાં આવે તો સાહેદ એ ઈજા પામનાર છે અને આ કામના ફરીયાદીનો દીકરો છે. જે જણાવે છે કે નરેશભાઈ તેમને ગાડી ઉપરથી ખેચી નીચે પાડી ગડદાપાટુનો માર માર્યા હતો વીશાલ અને ભાવેશભાઈ તેમના જીજાજી નરીવભાઈ બાઈક પરથી નીચે પાડી ભાવેશભાઈએ લાકડી મારેલ. તથા જયેન્દ્રસીહ આવેલ અને તેમને આ લોકને છુટા પાડેલ. જો ખરેખર ઉમગભાઈ ને પણ આરોપીઓ ઘ્વારા ગડદાપાટુનો માર મારવામાં આવેલ હોય તો તેઓએ કેમ કોઈ સારવાર લીધેલ નથી. વધુમાં આ કામે ડોકટર સાહેદ ને આંક– ૩૩ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમા જણાવે છેકે નીરવભાઈને માથાના ભાગે કપાળમાં ભાગ સીવાય બીજી કોઈ જગ્યાએ દેખીતી બાહય ઈજાઓ જણાયેલી નહી અને આ કામે રજુ કરવામાં આંક– ૩૪ના મેડીકલ સર્ટીમાં પણ નીરવભાઈને કપાળના ભાગે ઘસરકો થયેલો તેવો ઉલ્લ ેખ છે બીજા કોઈ ઈજાઓ જોવા મળેલ નથી પણ આંક– ૩૫ વાળા કેસ પેપર્સ મા નીરવભાઈ એ જે હીસ્ટ્રી જણાવેલ છે તેમા નરેશભાઈએ તેમને પત્થર અને ગડદાપાટુનો માર મારેલ એવુ જણાવેલ અને બીજા ૯ લોકો તેમના ઉપર હુમલો કરેલ એવુ જણાવેલ છે આમ આંક– ૩૫માં તેમને નરેશભાઈએ લાકડીથી મારેલ હોય તેવો ઉલ્લેખ કરેલ નથી પણ મુદ્દમાલ તરીકે લાકડી કબજે કરવામા આવેલ છે જેથી પણ ફરીયાદની હકીકત ઉપર શંકા ઉત્પન્ન થાય છે. જયારે સાહેદ નીરવભાઈ જુબાનીમા એવુ કહે છે કે મને પથ્થર ભાવેશભાઈએ મારેલ હતો અને તેમની કેસ પેપરની હીસ્ટ્રીમા જણાવેલ છે કે નરેશભાઈએ મને પથ્થર મારેલ હતો જે પણ એક મોટો વીરોધાભાષ જણાય આવે છે. જો ખરેખર તેમને ૯ વ્યકતીઓએ ગડદાપાટુનો માર મારેલ હોય લાકડીથી પણ મારેલ હોય તો ફકત માથાના ભાગે કપાળમા

એક સામાન્ય ઘસરકા જેટલી જ ઈજા થયેલી હોય તેવુ માનવા લાયક જણાતુ નથી. એજ રીતે ઉમંગભાઈ ને પણ આરોપીઓ ગડદાપાટુનો માર મારેલ તો પણ કોઈ ઈજા થઈ હોય અને તેમને સારવાર કરાવેલી હોય તેવુ બનેલ નથી કેમ કે આ બાબતે તેની સારવારનુ કોઈ સર્ટી રજુ કરવામા આવેલ નથી. આમ ઉપરોકત કરેલ ચર્ચાઓ ધ્યાને લેતા બધા સાહેદ અને ફરીયાદીની જુબાનીમા શંકા ઉપસ્થીત થાય છે. જેથી આરોપી પક્ષના વકીલશ્રીની દલીલમા તથ્ય જણાય આવે છે કે નીરવભાઈ બનાવ સ્થળે જયા કવોરીનજીક હોવાથી પથ્થરો રોડ ઉપર આવેલા હતા ત્યા બાઈક થી જાતે પડી જતા તેમને માથાના ભાગમાં કપાળમાં ઈજા થયેલી પણ આરોપીઓ સાથે વરઘોડામા થયેલી સામાન્ય બોલાચાલી બાબતે મનદુખ રાખી આરોપીઓ ઉપર ખોટી ફરીયાદ કરેલ છે. વધુમાં આ કામે આંક– ૨૧ અને આંક– ૨૩ થી હથીયાર રીકવરીના પંચ તપાસવામાં આવેલા છે તેઓની જુબાની જોતા પણ બન્ને સાહેદોએ પોતાની પંચનામામા માત્ર સહી ઓળખી બતાવે છે અને સહી કેમ કરેલ હતી તેની કોઈ હકીકત તેમને ખબર નથી તેમજ તેમની હાજરીમા કોઈ હથીયાર રીકવર કરવામાં આવેલ હોય તેવી હકીકતનો ઈન્કાર કરેલ છે. આમ આંક– ૨૨ થી રજુ હથીયાર રીકવરીના પંચનામાને સમર્થન મળેલ નથી. આમ , ફરીયાદને મદદરુપ પુરાવો ફરીયાદ પક્ષના સાહેદોની જુબાની થી રેકર્ડ ઉપર આવતો નથી. તેમજ આ ગુનામા તપાસવામા આવેલ પંચો અને સાહેદો તમામ ફરીયાદીના કુટુબી સગા છે અને એક જ ગામના રહેવાસી છે તેમ છતા સમગ્ર પુરાવાથી ફરીયાદની હકીકતોને પુરતુ સમર્થન મળેલ નથી જેથી, આરોપીઓ સામેનુ તહોમત શંકા રહીત પુરવાર થઈ શકે નહીં. તે સંજોગોમાં આ કામે ફરીયાદી તરફે રજુ થયેલ તમામ પુરાવાને ધ્યાને લેતાં પણ આરોપીઓ સામેનુ તહોમત પુરવાર થતુ નથી. જેથી આરોપીઓ સામેનો ભારતીય દંડ સહિતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એટકકલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાનું રજુ થયેલ પુરાવાથી પુરવાર થતુ ન હોય, ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધના ગુન્હાનું એક પણ

તત્ત્વ રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલા હોય, મુદ્દા નં.૧ નો જવાબ **નકારમાં** આપી, મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો હુકમ કરું છું.

## –: આખરી હુકમ :–

- આરોપી નં.**(૧) નરેશભાઈ કેશાભાઈ ખાંટ (૨) ભાવેશભાઈ લાલાભાઈ પરમાર (૩) વિશાલભાઈ જીતુભાઈ પરમાર** રહે. આંબલીવાળીફળી, વડાગામ તા.ધનસુરા જી. અરવલ્લીનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૪૮(૧) અન્વયે, ભારતીય દંડ સહિતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- મુદામાલ લાકડીનો સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામના આરોપીઓએ સી. આર. પી. સી. કલમ ૪૩૭(એ) મુજબ આ હુકમથી અપીલ સમય સુધીના રૂા.૧૫૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજારપુરા)ના જામીન તથા જાત મુચરકા રજુ કરવાનો આથી હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ–૨૮, માહે– એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

તા.૨૮–૦૪–૨૦૨૬
સ્થળ : ધનસુરા

**(સબા સૈયદ)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ધનસુરા
**Code No.GJ-01578**